| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯–૧૦–૨૦૨૫ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૯–૧૦–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૨૭–૦૪–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૧૮ |

**માંડલના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુંડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ શ્રી એચ.આર.પટેલ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા. માંડલ, જી. અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૭૬૬/૨૦૨૫**

**હાંસલપુર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૯૨૦૦૫૨૫૦૧૦૪/૨૦૨૫**

**ફોર્મ–એ**

**આંક – ૨૦**

| | |
|---|---|
| ફરિયાદી: | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે: | એ.પી.પી.શ્રી બી.આર.રાવલ. |
| આરોપી: | (૧) બકાભાઇ રામચંદભાઇ ધુંખ, રહે – રામસીડા છાપરા, તા. દાતીવાડા, જી. બનાસકાંઠા<br>(૨) સંદિપસિંહ અનિરુધ્ધસિંહ ઝાલા, રહે – એદલા, તા. બેચરાજી, જી. મહેસાણા |
| આરોપી તરફે: | એચ. એન. દલવાડી |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૨૦/૦૬/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૨૧/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૬/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |

## –::આરોપીની વિગત::–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ઘરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિદોર્ષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મજુબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | બકાભાઇ રામચંદભાઇ ધુંખ | ૧૪/ ૦૭/ ૨૦૨૫ | –– | ધી પ્રોહી કલમ– ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ | નિદોર્ષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૨) | સંદિપસિંહ અનિરુધ્ધ સિંહ ઝાલા | ૩૧/ ૦૮/ ૨૦૨૫ | -- | ઉપર મુજબ | નિદોર્ષ | - | - |

**<u>ફોર્મ -સી</u>**

**<u>-::સાહેદોનું લિસ્ટ::-</u>**

**<u>અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો:</u>**

| **Name** | **Nature of Evidence(Eye Witness, Police Witnesses, Expert Witness, MedicalWitnesses, Panch Witnesses,Other Witnesses)** |
|---|---|
| વિક્રમભાઇ શક્તાભાઇ (આંક-૧૩) | ફરિયાદી |
| અજીતસિંહ જવાનસંગ (આંક-૧૫) | પંચ સાહેદ |
| પુનભા વજુભા (આંક-૧૭) | પંચ સાહેદ |
| વિષ્ણુભાઇ ગકુરભાઇ (આંક - ૧૦) | ત ક અમલદાર |

**<u>-::દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ::-</u>**

**<u>અ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજ:</u>**

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરિયાદ |
| ૨ | ૧૬ | પંચનામું |

# JUDGMENT

(૧) **ફરિયાદપક્ષ ની ટુંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી:** આ કામના આરોપીઓએ ગઈ તા. ૨૦/૦૬/૨૦૨૫ ક. ૦૧.૪૫ વાગે મોજે વિરમગામ બેચરાજી મેઇન હાઇવેથી કટારીયા ૦૨ ટીપી રોડ હાંસલપુર જય માતાજી પાર્કીંગ પાસે કોલમ નં. ૦૧ ના આરોપી નં. ૦૧ નાએ ઉપરોક્ત તા ટા જગ્યાએ પોતાના કબ્જા ભોગવટાવાળી સફેદ કલરની જીપ કંપાસ ગાડી નં. જીજે ૦૬ એલઇ ૫૬૨૫ વાળી જાહેર રોડ ઉપર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી સદર ગાડીમા કીંગફીશર સુપર સ્ટ્રોન્ગ બીયર તથઆ ટુબોર્ગ સ્ટ્રોન્ગ પ્રીમિયમ બીયર ફોર સેલ ઇન રાજસ્થાન ઓન્લી ૫૦૦ એમએલ મળી કુલ બીયર ટીન નંગ. ૨૮૮ ની કુલ કી રૂ. ૬૩૩૬૦/- ની ગણી તથા સદર ગાડી જેની કી રૂ. ૩૦૦૦૦૦/- ની ગણી કુલ મુદ્દામાલ કી રૂ. ૩૬૩૩૬૦/- નો મળી આવી સદર ગાડીના ચાલકે દારૂની હેરાફેરી કરી ગાડી મુકી નાશી જઈ તથા કોલમ નં. ૦૨ ના આ. નં. ૦૧ નાએ સદર ગાડીમા સદર મુદ્દામાલ ભરી આપી તથા કોલમ નં. ૦૧ ના આ. નં. ૦૨ નાએ સદર મુદ્દામાલ મંગાવી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ધી પ્રોહી કલમ- ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય તે કલમની ફરિયાદ આ કામના ફરિયાદીએ હાંસલપુર પો.સ્ટે. ખાતે આપતા સદર આરોપી વિરૂધ્ધ વિઠલાપુર પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૧૯૨૦૦૫૨૫૦૧૦૪/૨૦૨૫ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદમાં જણાવેલ ગુનો રજીસ્ટર્ડ થતાં ગુનાની તપાસ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઇ, ઉપરોકત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ.

(૨) **ગુનાનુ સંજ્ઞાન તથા તહોમતનામું**:- આ કામે આરોપી વિરુદ્ધ ધી પ્રોહી કલમ- ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુના અંગે સંજ્ઞાન લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપી ન્યાયલય સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને બીએનએસએસની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ **આંક-૦૬** થી આરોપી વિરુદ્ધ તહોમતનામું ફરમાવી**, આંક-૦૭ તથા આંક ૦૮** થી આરોપીનો ગુનાની કબૂલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબૂલ કરવાનો ઇનકાર કરતા આરોપી વિરુદ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો:** આ કામે ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોક્ત જણાવેલ મૌખિક તથા પુરાવો રજૂ કરેલ છે.

**(૪) વિશેષ નિવેદન:** સદર કામે ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ બીએનએસએસની કલમ ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનો હક્ક બંધ કરવામા આવેલ.

**(૫) દલીલો:** ફરિયાદપક્ષ તરફે વિ.વ.એ.પી.પીશ્રી તથા આરોપી ના વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ફરિયાદપક્ષે આરોપીને સખ્ત સજા કરવા અરજ કરેલ તથા આરોપીના વિ.વ.શ્રી એ આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ છોડી મૂકવા અરજ કરેલ છે.

**(૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય:** સદર કામે રજૂ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| **ક્રમ** | **મુદ્દા** | **ન્યાયિક નિર્ણય** |
|---|---|---|
| ૧) | શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૦/૦૬/૨૦૨૫ ક. ૦૧.૪૫ વાગે મોજે વિરમગામ બેચરાજી મેઇન હાઇવેથી કટારીયા ૦૨ ટીપી રોડ હાંસલપુર જય માતાજી પાર્કીંગ પાસે કોલમ નં. ૦૧ ના આરોપી નં. ૦૧ નાએ ઉપરોક્ત તા ટા જગ્યાએ પોતાના કબ્જા ભોગવટાવાળી સફેદ કલરની જીપ કંપાસ ગાડી નં. જીજે ૦૬ એલઇ ૫૬૨૫ વાળી જાહેર રોડ ઉપર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી સદર ગાડીમા કીંગફીશર સુપર સ્ટ્રોન્ગ બીયર તથઆ ટુબોર્ગ સ્ટ્રોન્ગ પ્રીમિયમ બીયર ફોર સેલ ઇન રાજસ્થાન ઓન્લી ૫૦૦ એમએલ મળી કુલ બીયર ટીન નંગ. ૨૮૮ ની કુલ કી રૂ. ૬૩૩૬૦/- ની ગણી તથા સદર ગાડી જેની કી રૂ. ૩૦૦૦૦૦/- ની ગણી કુલ મુદ્દામાલ કી રૂ. ૩૬૩૩૬૦/- નો મળી આવી સદર ગાડીના ચાલકે દારૂની હેરાફેરી કરી ગાડી મુકી નાશી જઈ તથા કોલમ નં. ૦૨ ના આ. નં. | **નકારમાં** |

| | | |
|---|---|---|
| | ૦૧ નાએ સદર ગાડીમા સદર મુદ્દામાલ ભરી આપી તથા કોલમ નં. ૦૧ ના આ. નં. ૦૨ નાએ સદર મુદ્દામાલ મંગાવી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ધી પ્રોહી કલમ– ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? | |
| ૨) | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

**(૭) નિર્ણય માટેના કારણો: મુદ્દા ન ૧ અને ૨:**

**(૭.૧)** આ કામે આરોપી સામે નો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્ર નો મૂળભૂત સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદ પક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષ ના સકારાત્મક પુરાવા થી શંકા થી પર સાબિત કરવું જોઈએ.

**(૭.૨)** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **ફરીયાદી વિક્રમભાઇ શક્તાભાઇને આંક–૧૩** થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પર ની જુબાની જણાવેલ છે કે ગઈ તારીખે 19/06/2025 ના રોજ તેઓ તથા અહેકો વિષ્ણુભાઇ ગકુરભાઇ તથા અલોર હનુભા ચંપુભાનાઓ એક ઇસમ સંતોસકુમાર શીવશંકર યાદવનાઓએ લખાવેલ વર્ધી આધારે વર્ધીવાળી જગ્યાએ જતા એક સફેદ કલરની જીપ કંપાસ ગાડી નં. જીજે 06 એલઇ 5625 વાળી કન્ટેનટર સાથે અથડાયેલ હતી અને પડેલ હતી જેથી બે પંચના માણસો નામે (૧) અજીતસિંહ જુવાનસિંહ ઝાલા તથા (૨) પુનભા વજુભા ઝાલાનાઓને બોલાવી હકીકતથી વાકેફ કરી ગાડીમા જોતા ગાડીમા પરપ્રાંતીય બીયર નંગ 288 કી રૂ. 63360/– તથા જીપ કંપાસ ગાડી કી રૂ. 300000/– મળી કુલ મુદ્દામાલ રૂ. 363360/– નો મળી આવેલ જે અંગેનુ પંચનામુ અહેકો વિષ્ણુભાઇ ગકુરભાઇએ કલાક કલાક 00.50 થી 01.45 સુધીનુ પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ કરી લઇ તપાસના કામે કબજે લીધેલ અને આ કામના આરોપીઓ સામે તેઓએ પ્રોહી કલમ 65 એ ઇ, 116 બી, 98 (2) તથા બીએનએસ 281 તથા એમ વી એક્ટ 177, 184 મુજબના ગુન્હાની ફરીયાદ આપેલ આ કામની ફરીયાદ તેઓને બતાવવામા આવે છે જેમા તેમની સહી ઓળખી બતાવે છે જે **ફરીયાદ**ને પુરાવાના કામે

રજુ દાખલ **આંક ૧૪**_આપવામા આવે છે આ કામના આરોપીઓને જોયેથી ઓળખે છે જે નામ.કોર્ટમાં હાજર નથી બચાવપક્ષે ઓળખની તકરાર જતી કરેલ છે.

વધુમાં સદરહુ સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી. રેડ વાળી જગ્યા જાહેર જગ્યા છે. આરોપી રેડ વાળી જગ્યાએથી મળી આવેલ નહી.

**(૭.૩ )** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **આંક– ૧૫** થી **પંચ સાહેદ અજીતસિંહ જવાનસંગ** તથા **આંક ૧૭** થી **પંચ સાહેદ પુનભા વજુભાને આંક ૧૬** મુજબનુ **પંચનામું** પુરવાર કરવા સારૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં પોલીસે એક કાગળમાં સહી કરવાનુ કહેતા તેમને સહી કરી આપેલ. આ સિવાય પંચનામાઓ વિશે બીજુ કાંઈ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે.

સદર બન્ને પંચ સાહેદો ફરિયાદપક્ષના પંચનામાઓની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા તેઓની વિગતવારની ઉલટ–તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના પંચનામાઓની હકીકતને સમર્થન કરતા નથી. જેથી તેઓના પુરાવાને માની લઈ શકાય નહી. સદર પંચ સાહેદોના પુરાવાનું વિશ્લેષણ પુરાવાનાં મુલ્યાંકન સમયે એકી સાથે કરવામાં આવેલ છે.

**(૭.૪)** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **ફરીયાદી વિક્રમભાઇ શક્તાભાઇને આંક–૧૩** થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પર ની જુબાની જણાવેલ છે કે ગઈ તારીખે 19/06/2025 ના રોજ તેઓ તથા પોકો વિક્રમભાઇ શક્તાભાઇ તથા અલોર હનુભા ચંપુભાનાઓ એક ઇસમ સંતોસકુમાર શીવશંકર યાદવનાઓએ લખાવેલ વર્ધી આધારે વર્ધીવાળી જગ્યાએ જતા એક સફેદ કલરની જીપ કંપાસ ગાડી નં. જીજે 06 એલઇ 5625 વાળી કન્ટેનટર સાથે અથડાયેલ હતી અને પડેલ હતી જેથી બે પંચના માણસો નામે (૧) અજીતસિંહ જુવાનસિંહ ઝાલા તથા (૨) પુનભા વજુભા ઝાલાનાઓને બોલાવી હકીકતથી વાકેફ કરી ગાડીમા જોતા ગાડીમા પરપ્રાંતીય બીયર નંગ 288 કી રૂ. 63360/– તથા જીપ કંપાસ ગાડી કી રૂ. 300000/– મળી કુલ મુદ્દામાલ રૂ. 363360/– નો મળી આવેલ જે અંગેનુ પંચનામુ તેઓએ કલાક કલાક 00.50 થી 01.45 સુધીનુ પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ કરી લઇ તપાસના કામે કબજે લીધેલ અને આ કામના આરોપીઓ સામે

પોકો વિક્રમભાઇ શક્તાભાઇએ પ્રોહી કલમ 65 એ ઇ, 116 બી, 98 (2) તથા બીએનએસ 281 તથા એમ વી એક્ટ 177, 184 મુજબના ગુન્હાની ફરીયાદ આપેલ ત્યારબાદ આ કામની તપાસ તેઓએ સંભાવેલ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલ તેમજ તપાસને અંતે આરોપીઓને અટક કરવા જેટલો પુરતો પુરાવો જણાતા આરોપીઓની અટક કરેલ અને ન્યાયના હીતમા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. આ કામના આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે. જે નામદાર કોર્ટમાં હાજર નથી બચાવપક્ષે ઓળખની તકરાર જતી કરેલ છે.

વધુમાં સદરહુ સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે, પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી.રેડ વાળી જગ્યા જાહેર જગ્યા છે. આરોપી રેડ વાળી જગ્યાએથી મળી આવેલ નહી. પોલીસ સ્ટેશન થી કેટલા વાગે નીકળ્યા તથા રેડવાળી જગ્યા એ કેટલા વાગે પહોંચ્યા તેવો કોઈ ચોક્કસ સમય ફરીયાદ માં જણાવેલ નહી.

**(૭.૫)** આ કામે આરોપી સામે ધી પ્રોહી કલમ- ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું તહોમત છે તેથી કલમ ૬૫(એ)(ઈ) ને વંચાણે લેવી જરૂરી છે.

***૬૫ :- જે કોઈ વ્યક્તિ, ગુજરાત નશાબંધી અધિનિયમની જોગવાઈઓનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ, વિનિમય અથવા હુકમનું અથવા તે મુજબ આપેલા કોઈ લાઇસન્સ, પાસ, પરમીટ અથવા અધિકારપત્રનું ઉલ્લંગન કરીને –***

**_એ :-_ જો કોઈ વ્યક્તિ (અફીણ સિવાય નો બીજો) કોઈ કેફી પદાર્થ અથવા ભાંગ-ગાંજાની આયાત કરે અથવા નિકાસ કરે,**

**_ઈ :-_ જો કોઈ વ્યક્તિ (અફીણ સિવાય નો બીજો) કોઈ કેફી પદાર્થ અથવા ભાંગ-ગાંજો પોતાના કબજામાં રાખે, તેની હેરફેર કરે, વેંચે અથવા ખરીદે,**

**તો તે આ કલમ હેઠળ ગુના ને પાત્ર બને,**

ઉપરોક્ત કલમ વંચાણે લેવામા આવે તો સદરહુ કેસ આરોપી ના કબ્જા માંથી કોઈ કેફી પદાર્થ મળે, અથવા તેની હેરફેર કરવા વેચવા અથવા ખરીદવા પર આધારિત છે.

વધુમાં આ કામે આરોપીઓ સામે જ્યારે બીએનએસ ની કલમ- ૨૮૧ તથા એમ.વી.એકટ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે નીચે

મુજબના મુખ્ય આવશ્યક તત્ત્વો રેકર્ડ ઉપરથી શંકાથી પર સાબીત કરવાના રહે છે. આ સંદર્ભે કલમ–૨૮૧ ના તત્વો ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>કલમ–૨૮૧ ના તત્ત્વો</u>**

1) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

2) **બેફામપણે** અથવા **બેદરકારીપુર્વક** આવું વાહન ચલાવવુ અથવા

આવી સવારી કરવી.

3) જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય આમ, આરોપી સામે જ્યારે બેફીકરાઈથી વાહન ચલાવવનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવું જોઈએ કે, કહેવાતા બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહ્યા હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યુ હતુ કે, તેનાથી મનુષ્યની જીંદગી જોખમાય શકે તેવું હતું.

**(૭.૬)** આ કામે રજૂ થયેલ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષે જે ગાડીમાંથી મુદામાલ મળી આવેલ છે તે ગાડી બાબતે આરોપીની માલિકીની હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રેકર્ડ પર રજૂ કરેલ નથી. તેથી આરોપીનો મુદ્દામાલ સાથેનો સભાન કબ્જો સાબિત થતો નથી તથા આ કામે તપાસવામાં આવેલ સાક્ષી પણ તેઓની જુબાનીમાં સ્વીકાર કરેલ છે કે આરોપી બનાવવાળી જગ્યાએ હાજર ન હતા અને તેમને નાસતા ભાગતા જોયેલ નથી. વધુમાં, ફરિયાદમાં પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદપક્ષ ના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે પરંતુ પંચ સાહેદોએ પંચનામાની હકીકત ને સમર્થન કરતો પુરાવો આપેલ નથી તથા આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષના કેસ ની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનુ પ્રથમ દર્શનીય ફલીત થાય છે તેથી પ્રોહિબીશન ના ગુના ના કામે અગત્યના સાહેદ કે જેનાથી પંચનામું સાબિત થઈ શકે તેવો કોઈ સચોટ પુરાવો લાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. તેમજ પંચાનમુ જો પુરવાર થઈ શકતું ન હોય તો તેવા સંજોગો માં મુદ્દામાલ ની રિકવરી પણ પુરવાર થઈ શકે નહિ.

આ સંદર્ભે નામ. ગુજરાત ઉચ્ચ અદાલત ના ચુકાદા **સ્ટેટ ઓફ ગુજરાત વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી**[1] ના **પેરા ૭** માં જણાવેલ છે કે,

> *" The real principle is that where the presence of panchas is obligatory at the time of search the evidence of police officer conducting search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on uncorroborated testimony of police officer who conducted search."*

સદરહુ ચુકાદા ને ધ્યાને લેવામા આવે તો તપાસ કરનાર અમલદાર તેઓની જુબાની માં પંચનામા ને પૂર્ણ સમર્થન આપે તો પણ પંચોનું પંચનામાને સમર્થન આપવું અનિવાર્ય છે. જો પંચનામુ પુરવાર ન થાય તો ફરિયાદપક્ષ તેઓના રિકવરી પર નિર્ભર કેસ આરોપી સામે પુરવાર કરી શકશે નહિ અને તેમજ તેના પર આધાર રાખી આરોપીને દોશી ઠરાવી શકાશે નહિ.

**(૭.૭)** વધુમાં આ કામે કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટ નો ઇંગલિશ દારૂ ગુજરાત નશાબંધી (દારૂના નમૂના અને જાણ કરેલા દારૂનો જથ્થો નક્કી કરવા બાબત ના) નિયમો, ૨૦૧૨ મુજબ જે નિયમ ૩(૧)(ખ) માં જાણવામાં આવેલ છે તે મુજબ સેમ્પલ લેવામા આવેલ હોય તેવું જણાય આવતું નથી. આ સેમ્પલ બે પંચો ની હાજરી માં લેવાનુ હોય છે. પરંતુ જો પંચો જ પંચનામા ની હકીકત ને સમર્થન કરતાં ન હોય તો સિલીંગ અને એફ.એસ.એલ. માં મોકલવાની પ્રક્રિયા શંકાસ્પદ બની જાય છે. આ કામે કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટ નો ઇંગલિશ દારૂ છે, તે માટે ત.ક.અ શ્રી એ કોઈ સચોટ પુરાવો રજૂ કરેલ નથી તેમજ ત.ક.અ શ્રી દ્વારા સદર કબ્જે કરેલ મુદ્દામાલ અંગે કોઈ એફ.એસ.એલ રિપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી. તેઓ તેમના પુરાવા માં કબ્જે કરેલ મુદ્દામાલ ની બોટલો સીલ બંધ હતી કે કેમ અને તેના પર ના લેબલ ઓરિજીનલ હતા કે નહિ તે અંગે ની પણ કોઈ કાર્યવાહી કરેલ હોવાની કોઈ હકીકત જણાવતા નથી. તેથી કબજે કરેલ મુદ્દામાલ ભારતીય બનાવટ ની ઇંગલિશ દારૂ હોવાનુ અનુમાન કરી શકાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ કામે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં સદર ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ ભારતીય બનાવટ નો ઇંગલિશ દારૂ આરોપી પાસેથી જ કબ્જે કરવામાં આવેલ હતો તે માટે ફરિયાદપક્ષનો પુરાવો માની શકાય અને સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ તથા મુદ્દામાલ સીલ કરવાની તથા

1 **૧૯૯૦ (૦) એ.આઇ.જે.ઇ.એલ.–એચ.સી. ૨૧૨૩૪૬**

પૃથકરણ માટે મોકલવામાં આવેલ હોવાની કાર્યવાહી પુરવાર કરવી જોઈએ. પરંતુ સદરહુ કેસ માં રજૂ પુરાવાને જોતા તેમાં મુદ્દામાલ દારૂ મળ્યા બાદ કરવામાં આવેલ પંચનામાની અને સિલીંગની કાર્યવાહી બાબતે શંકાસ્પદ પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેમજ આ કામના સાહેદ પોલીસ વિભાગના અધિકારી હોય અને તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહિ તેમજ હાલના કામે બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ આક્ષેપ છે પરંતુ રેકર્ડ ઉપર તેઓ કોઇ પુરાવો આવેલ નથી કે જેનાથી સાબીત થઇ શકે કે હાલના કામે આરોપીએ તેઓના કબજા ભોગવટા વાળી ગાડી બેફીકરાઇ અને બેદરકારી પુર્વક ચલાવેલ છે અને તેનાથી મનુષ્ય જીંદગી જોખમાઇ શકે તેવો ભય પણ ઉભો થયેલ છે. હાલના રેકર્ડ પરના પુરાવા ઉપરથી તે પણ સાબીત થઇ શકેલ નથી કે હાલના કામના આરોપી જ બનાવ સમયે જ સદરહુ ગાડી ચલાવતા હતા ત્યારે ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ બીએનએસ કલમ ૨૮૧ તથા એમ વી એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ તકશીરવાન ઠરાવી શકાય નહી. એવા સંજોગોમાં મુદ્દા નં ૧ નું તથ્ય નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદમાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં ૧ નકારાત્મક ઠરાવી મુદ્દા નં ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –::આખરી હુકમ::–

**(૧)** આ કામના આરોપીઓ (૧) બકાભાઇ રામચંદભાઇ ધુંખ, રહે – રામસીડા છાપરા, તા. દાતીવાડા, જી. બનાસકાંઠા, (૨) સંદિપસિંહ અનિરુધ્ધસિંહ ઝાલા, રહે – એદલા, તા. બેરચરાજી, જી. મહેસાણા.નાઓને ધી પ્રોહી કલમ– ૬૫ એઇ, ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા ઈપીકો કલમ ૪૬૭, ૪૭૧ મુજબ મુજબના ગુનામાંથી બીએનએસએસની કલમ ફોજદારી કાર્યરીતિ સંહિતાની ૧૯૭૩ ની કલમ ૨૭૧ અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે પ્રોહિબીશન મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા કબજે કરવામા આવેલ ગાડી અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે આથી કાયમ કરવામા આવે છે અન્યથા પોલીસ અધીકારીએ માલીકી અંગેની ખરાઇ કરી મુદ્દામાલ ખરા માલીકને પરત સોંપવો.

**(૩)** આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૮૧ અન્વયે, અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ કે, રિવિઝનના કામે છ માસ સુધીના રૂપિયા ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા ) ના સધ્ધર જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૭ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**સ્થળ: માંડલ**

**તા. ૨૭/૦૪/૨૦૨૬**

**(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)**
**જે.એમ.એફ.સી, માંડલ. અમદાવાદ (ગ્રામ્ય)**
**Judge Code: GJ**01731